# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૨ તા.૨૫-૦૫-૨૦૨૨

**<u>ટોચ અગ્રતા/તાત્કાલિક</u>**

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : વર્ષ ૨૦૧૬-૧૭ પહેલાંના શિષ્યવૃત્તિના નાણાં શાળાના બેંક ખાતામાં જમા હોય તે પરત આપવા બાબત.

સંદર્ભ : ૧. વિજાક/શિક્ષણ/૨૦૨૨-૨૩/૧૪૬ થી ૧૭૮ તા.૪-૫-૨૦૨૨, નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણની કચેરીનો પત્ર

૨. પત્ર નં.SJED/APO/e-file/17/2022/0010/B Section સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬-૦૫-૨૦૨૨ના પત્રના અનુસંધાને

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૧૬-૧૭ પહેલાંના શિષ્યવૃત્તિના વણવહેંચાયેલ નાણાં તમારી શાળાના બેંક ખાતામાં જમા હોય તે નાણાં સુપરવાઈઝરશ્રી/મદદનીશ શાસનાધિકારીશ્રીની ભલામણ સાથે નીચે જણાવેલ ઝોનવાઈઝ તેમજ તારીખવાઈઝ સ્કોલરશીપ વિભાગમાં તમારી શાળાના ચલણબુક દ્વારા જમા કરાવશો. જે-તે વર્ષના વહેંચેલ નાણાંના પહોંચપત્રકો (બે નકલ) સાથે જમા કરાવશો. આ કામને ટોચઅગ્રીમતા આપશો.

| ક્રમ | ઝોન | તારીખ |
|---|---|---|
| ૧ | ઉત્તર | તા.૨૬-૦૫-૨૦૨૨ |
| ૨ | દક્ષિણ | તા.૨૬-૦૫-૨૦૨૨ |
| ૩ | પૂર્વ | તા.૨૬-૦૫-૨૦૨૨ |
| ૪ | પશ્ચિમ | તા.૨૬-૦૫-૨૦૨૨ |
| ૫ | મધ્ય | તા.૨૭-૦૫-૨૦૨૨ |
| ૬ | ઉર્દૂ | તા.૨૭-૦૫-૨૦૨૨ |
| ૭ | હિન્દી | તા.૨૭-૦૫-૨૦૨૨ |
| ૮ | અંગ્રેજી | તા.૨૭-૦૫-૨૦૨૨ |

નોંધ : હાલમાં જે શાળામાં તેઓની આસપાસની અન્ય જે પણ મ્યુનિ. શાળા મર્જ/એકીકરણ થયેલ હોય તેની વિગત જોઈ ચકાસી શિષ્યવૃત્તિના વણવહેંચાયેલ નાણાં જમા કરાવશો.

તા.૨૫-૦૫-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ

શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૨-A તા.૨૫-૦૫-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : "મેન્સ્ટ્રુઅલ હાઇજીન ડે"ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ : નં.એસએસએ/ગ.એ./ઉ.પ્રા.ક.મા./૨૦૧૮/૩૦/૧૬૩૬૫-૪૩૫ તા.૨૪/૦૫/૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, દર વર્ષે તા.૨૮ મેના રોજ સમગ્ર વિશ્વની તમામ મહિલાઓ અને કિશોરીઓના સારા માસિક સ્વાસ્થ્ય અને સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા માસિક સ્વચ્છતા દિવસ (Menstrual Hygiene Management Day) ઉજવવામાં આવે છે. તો આ વર્ષે પણ સંદર્ભિત પત્રમાં દર્શાવ્યા મુજબના હેતુઓ સાથે "મેન્સ્ટ્રુઅલ હાઇજીન ડે" ની ઉજવણી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૫-૦૫-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

# ગુજરાત શાળા શિક્ષણ પરિષદ

સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭, ગાંધીનગર.-૩૮૨૦૧૭
ફોન.૦૭૯-૨૩૨ ૩૨૪૧૩, ફેકસ: ૦૭૯-૨૩૨ ૩૮૪૦૪
Email : - aspdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

નં. એસએસએ/ગ.એ./ઉ.પ્રા.ક.મા./૨૦૧૮/૩૦/ ૧૬૩૬૫-૭૩૫ તા.૨૭/૦૫/૨૦૨૨

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, જિલ્લા : તમામ
- જિલ્લા પ્રોજેકટ કો. ઓર્ડિનેટરશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સમગ્ર શિક્ષા, જિલ્લા પ્રોજેકટ કચેરી, જિલ્લા : તમામ
- એડી. જિલ્લા પ્રોજેકટ કો. ઓર્ડિનેટર અને શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સમગ્ર શિક્ષા, મહાનગરપાલિકા : અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

વિષય : "મેન્સ્ટ્રુઅલ હાઇજીન ડે" ની ઉજવણી કરવા બાબત
સંદર્ભ : નોંધ પર માન. એસ.પી.ડી.શ્રીની મળેલ મંજૂરી અન્વયે

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, દર વર્ષે ૨૮ મે ના રોજ સમગ્ર વિશ્વની તમામ મહિલાઓ અને કિશોરીઓના સારા માસિક સ્વાસ્થ્ય અને સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા માસિક સ્વચ્છતા દિવસ (Menstrual Hygiene Management Day) ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ નીચે મુજબના હેતુઓ સાથે "મેન્સ્ટ્રુઅલ હાઇજીન ડે" ની ઉજવણી કરીએ.

<u>હેતુઓ</u>

- માસિક ધર્મને લગતી તમામ ગેરમાન્યતાઓને દુર કરવા અને વિશ્વભરમાં મહિલાઓ અને કિશોરીઓ માટે માસિક સ્વચ્છતા વ્યવસ્થાપનના મહત્વ વિશે જાગૃતિ લાવવા
- માસિક ધર્મને લગતા સ્વચ્છતા ઉત્પાદનો (સેનીટરી પેડ, કપડું વગેરે) વધુ સુલભ/સરળ છે તેની ખાતરી કરવા માટે.
- (MHM) લગત રાજકીય અગ્રતા વધારવા અને વૈશ્વિક, રાષ્ટ્રીય અને સ્થાનિક સ્તરે માસિક ધર્મને લગતા (MHM) પગલાં અને નિર્ણય લેનારાઓને જોડવા

**<u>માસિક સ્વચ્છતા દિવસ (MHM) 2022 ની થીમ "અમે પ્રતિબદ્ધ છીએ" "We Are Committed")</u>**

આપણે સૌ જાણીએ જ છીએ કે હાલ શાળાઓમાં વેકેશન ચાલી રહ્યું છે તેમજ ૨૮ મેં ના રોજ શનિવાર હોવાથી સરકારી કચેરીઓમાં રજા છે. તેમ છતાં માસિક સ્વચ્છતા દિવસ (MHM Day) ની જાગૃતિ લાવવા અને તેની સાથે જોડાયેલ માન્યતાઓ માટે મૌન તોડવાના પ્રયાસોના ભાગરૂપે તમામ જિલ્લાઓને માસિક સ્વાસ્થ્ય અને સ્વચ્છતા (MHH) વિશે જ્ઞાન અને જાગરૂકતા

વધારવા અને તેની સાથે જોડાયેલ ગેરમાન્યતાઓને દૂર કરવા, તેમજ નીચેની પ્રવૃત્તિઓ દ્વારા તમામ કિશોરીઓ અને મહિલાઓ માટે માસિક ધર્મના સમયગાળાને સલામત અને આરામદાયક બનાવીએ.

**૧ રેડ ડોટ ચેલેન્જ-**

ઘણી વખત માસિક સ્રાવ પર થતી ચર્ચાને "કન્યાઓની સમસ્યા" તરીકે તેમજ શરમજનક રીતે જોવામાં આવે છે.ક્યારેક આની ઉપર થતી ચર્ચાને ટાળવામાં પણ આવે છે. Red Dot Challenge પુરુષો, સ્ત્રીઓ, કુમારો અને કન્યાઓને કોઈપણ ગેરમાન્યતા/શરમની લાગણી વિના પીરિયડ્સ/માસિક સ્રાવ, માસિક સ્રાવની સ્વચ્છતા વિશે વાત કરવા પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરે છે.માસિક સ્રાવ પર થતી ચર્ચાને અન્યોને બતાવવા માટે હાથ પર લાલ ટપકું બનાવી તમે કોઈપણ ડિજિટલ મીડિયા (વોટ્સ એપ,ફેસબુક,ઈન્સ્ટાગ્રામ,ટવીટર) તથા ગુગલ ડ્રાઈવની લિંક **t.ly/4QIT** પર લાલ ટપકા સાથેનો ફોટો હેશટેગ **(#RedDotChallenge)** સાથે અપલોડ કરવા.

**૨ મેન્સ્ટ્રુઅલ બ્રેસલેટ**

માસિક સ્રાવનું બ્રેસલેટ એ માસિક સ્વાસ્થ્ય અને સ્વચ્છતા (MHH) ડે દ્વારા બનાવવામાં આવેલ માસિક સ્રાવ માટેનું વૈશ્વિક પ્રતીક છે. તેમાં સફેદ રંગના ૨૮ મણકાનો સમાવેશ થાય છે, જેમાં માસિક પીરિયડ ચક્રનું પ્રતિનિધિત્વ કરતા લાલ રંગના ૫ મણકાનો પણ સમાવેશ કરેલ છે. આ બ્રેસલેટ સ્થાનિક સામગ્રીમાંથી બનાવી શકાય (સફેદ અને લાલ મોતી, પેપર, માટી વગેરે) છે. જે પહેરીને ડિજિટલ મીડિયા (વોટ્સ એપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટવીટર) તથા **t.ly/4QIT** પર અપલોડ કરી શકાય. તેમજ પોતાના સમાજમાં/આસપાસમાં પણ આ વિષય પર ચર્ચા કરવી.

<u>3.</u> માસિક સ્રાવઅંગેની જાગૃતિ અથવા વ્યક્તિગત અનુભવો સંબંધિત પોસ્ટર, વાર્તાઓ, કવિતાઓ અને ચિત્રને પણ ડીજીટલ મીડિયા (વોટ્સ એપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટવીટર) તથા **t.ly/4QIT** પર શેર કરવા.

<u>૪</u> ઉપલા ધોરણમાં અભ્યાસ કરતી કન્યાઓ આ પત્રની તમામ સૂચનાઓનું તેમના ઘરની મહિલાઓ સાથે આદાન-પ્રદાન કરી તેમજ શાળામાં બતાવવામાં આવેલ વિડીયો,પોસ્ટર વગેરેનું પણ ઉપયોગ કરીને MHM અંગે જાગૃતિ લાવવી.

<u>૫</u> જે શિક્ષકોએ સારી રીતે MHM પર જાગૃતિની સમજ આપી હોય અથવા MHM લગત કોઈ માહિતી મેળવી હોય તો તેઓ પોતાના અનુભવો પણ બતાવે.

જીલ્લા કક્ષાએ અથવા તાલુકા કક્ષાએ સમૂહમાં /વ્યક્તિગત રીતે થયેલ MHM ને લગત પ્રવૃત્તિઓ જેવી કે વાર્તાઓ, કવિતાઓ, પાઠ યોજનાઓ, રેખાંકનો અને ચિત્રોને પણ ડીજીટલ મીડિયા (વોટ્સ એપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટવીટર) તથા **t.ly/4QIT** પર અપલોડ કરવા.

સોશિયલ મીડિયા પર શેર કરેલી તમામ પ્રવૃત્તિઓને **#MHDay2022** અને **#WeAreCommitted** પર હેશટેગ્સ કરી તેમજ **@gujaratssa, @UNICEFIndia** ને પણ ટેગ કરવા.

ઉપરાંત "મેન્સ્ટ્રુઅલ હાઇજીન ડે" 2022 ની ઉજવણી માટે માટે 27 મે, 2022 ના રોજ બપોરે ૧૨.૦૦ થી ૦૧.૦૦ કલાક દરમિયાન વર્ચ્યુઅલ મીટીંગનું પણ આયોજન કરેલ છે. જેની લિંક ટૂંક સમયમાં મોકલી આપવામાં આવશે. જેમાં તમામ મદદનીશ જિલ્લા કો.ઓ.-ગર્લ્સ એજ્યુકેશન, બી.આર.સી. કો. ઓ. અને સી.આર.સી.કો.ઓ.ને પણ હાજરી આપવાની રહેશે તેમજ જાગૃતિ માટે શિક્ષકો, વોર્ડન અને વિદ્યાર્થીઓને પણ યુટ્યુબ લિંક મોકલી આપવાની રહેશે.

એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, ગાંધીનગર

C:\Users\HABIBA\Desktop\Krati MHM\MHM.docx